IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ NEP, 2020 અને વ્યાવસાયિક શિક્ષણ

**ડૉ. કલ્પેશકુમાર કે. ટંડેલ**
**કા.આચાર્ય,**
**શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા**

***સારાંશ***

આઝાદી પહેલા અને ત્યારબાદ શિક્ષણના દરેક સ્તરે સુધારા કરવા માટે અને શિક્ષણની ગુણવત્તા સુધારવાના હેતુથી સમયાંતરે શિક્ષણ પંચોની રચના થતી રહી છે. જેના અસરકારક પરિણામો આપણને સૌને પ્રાપ્ત થયા છે. શિક્ષણ પંચોએ ટેક્નિકલ શિક્ષણ, કાયદા શિક્ષણ, કૃષિ શિક્ષણ થકી વ્યાવસાયિક શિક્ષણ ક્ષેત્રે અસરકારક ભલામણો સૂચવી છે. જેના કારણે શિક્ષણના આ બધા ક્ષેત્રે આમુલ પરિવર્તનો આવ્યા છે. વ્યાવસાયિક શિક્ષણ ક્ષેત્રે પણ નોંધનીય ભલામણોને આધારે ભારતમાં તેનો વ્યાપ વધ્યો છે અને વ્યાવસાયિક શિક્ષણને લીધે કૌશલ્ય પ્રાપ્ત કરેલ વ્યક્તિઓ પગભર બની રહ્યો છે. આત્મનિર્ભર ભારતના લક્ષ્યને સિદ્ધ કરવાનાં હેતુથી રાષ્ટ્રીય શિક્ષણનીતિ((NEP),2020માં વ્યાવસાયિક શિક્ષણને પ્રોત્સાહન મળી રહે તે રીતની ભલામણો સૂચવવામાં આવી છે. હવેથી વ્યાવસાયિક વિકાસનું શિક્ષણ સમગ્ર ઉચ્ચ શિક્ષણ પ્રણાલીનું અભિન્ન અંગ બની જશે. વ્યાવસાયિક શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવેલી ભલામણોની અહીં વિગતે વાત કરવામાં આવેલી છે.

***પ્રસ્તાવના :***

આઝાદી બાદ ભારતની શિક્ષણ પ્રણાલીમાં ધરખમ ફેરફારો અને સુધારા વધારા થયા છે. શિક્ષણના દરેક ક્ષેત્રમાં સુધારા-વધારા કરવાના આશયથી વિવિધ શિક્ષણ પંચોની રચના કરવામાં આવી છે. જેમણે પ્રાથમિક સ્તરથી લઇ ઉચ્ચ શિક્ષણ સુધીના તમામ શિક્ષણ વિષયક પાસાઓને આવરી લઇ ભલામણો સૂચવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020નો હેતુ વ્યાવસાયિક શિક્ષણ સાથે સંકળાયેલ સામાજિક દરજ્જાની શ્રેણીને દૂર કરવાનો છે અને બધી જ શિક્ષણ સંસ્થાઓમાં વ્યાવસાયિક શિક્ષણ કાર્યક્રમોને તબક્કાવાર મુખ્ય પ્રવાહના શિક્ષણમાં સંકલિત કરવાનો છે. ભારતીય ધોરણો આંતરરાષ્ટ્રીય પ્રમાણભૂત વ્યવસાય વર્ગીકરણ ધોરણો કે જે આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાન દ્વારા સંચાલિત છે તેની સાથે જોડાણમાં હશે. આ માળખા પૂર્વ અધ્યયનની ઓળખ માટેનો આધાર પ્રદાન કરશે. આ વ્યવસ્થાઓ શિક્ષણની સામાન્યથી વ્યાવસાયિક શિક્ષણ તરફ ગતિશીલતા વધારશે.

1. **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં વ્યાવસાયિક શિક્ષણના હેતુઓ:**

- વ્યાવસાયિક વિકાસ શિક્ષણ સમગ્ર ઉચ્ચ શિક્ષણ પ્રણાલી નું અભિન્ન અંગ બનાવવું
- વ્યાવસાયિક શિક્ષણને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ તરફ આગળ વધારવું
- કૃષિ શિક્ષણ અને તેની સાથે જોડાયેલ વિષયોને પુનઃજીવિત કરવા
- કાયદાકીય શિક્ષણને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવું
- આરોગ્ય શિક્ષણને ફરીથી પુનઃ કલ્પિત કરવું
- તકનિકી શિક્ષણમાં પદવી અને ડિપ્લોમા કાર્યક્રમોને પ્રોત્સાહિત કરી સમાવેશ કરવો.

2. **વ્યાવસાયિક શિક્ષણનું પુનઃગઠન:**

વ્યાવસાયિક શિક્ષણ પહેલા અમુક સ્તરના શિક્ષણ સુધી સીમિત હતું. વ્યાવસાયિક શિક્ષણને મુખ્ય પ્રવાહના શિક્ષણથી નબળી ગુણવત્તાવાળું માનવામાં આવતું હતું. જેથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં વ્યાવસાયિક શિક્ષણના પુનઃગઠનની આવશ્યકતા ઉભી થઇ છે. વ્યાવસાયિક શિક્ષણના પુનઃગઠનની આવશ્યકતા નીચેના કારણોથી ઉભી થઇ છે.

- ss

3.**વ્યાવસાયિક શિક્ષણ માટે કરેલ ભલામણો :**

- વ્યાવસાયિક ને તૈયાર કરવા માટે સંબંધિત શિક્ષણ ( રોજગારલક્ષી શિક્ષણ) માટે તેને અભ્યાસક્રમમાં નૈતિકતા અને જાહેર હેતુઓના મહત્વનો તેમજ તે વિદ્યાશાખાના શિક્ષણ અને મહાવરો આપવા માટેના શિક્ષણનો પણ સમાવેશ કરવો જોઈએ.
- વ્યાવસાયિક વિકાસ સાથે જોડાયેલ શિક્ષણને અન્ય વિષયો સાથે જોડવું.

- કૃષિ વિશ્વવિદ્યાલયો, કાયદાના વિશ્વવિદ્યાલયો, વિજ્ઞાન વિશ્વવિદ્યાલયો, તકનીકી વિશ્વવિદ્યાલયો અને એક જ પ્રવાહ વાળી અન્ય શાખાઓની સંસ્થાઓનું લક્ષ્ય પોતાને એક બહુવિદ્યાશાખાકીય સંસ્થાઓ કે જે સમગ્ર અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ પ્રદાન તરફ અગ્રેસર બનાવવી.
- કૃષિ શિક્ષણ અને તેની સાથે જોડાયેલ વિષયોને પુનઃજીવિત કરવા. સામાન્ય શિક્ષણ સાથે સંકળાયેલ કાર્યક્રમો દ્વારા કૃષિ અને પશુ તબીબી વિજ્ઞાન સાથે સંકળાયેલા વ્યવસાયિકોની તૈયારીમાં ઝડપી વૃદ્ધિ કરવામાં આવશે.
- કૃષિ પ્રોદ્યોગીકી પાર્કની સ્થાપના કરવી જેથી તકનીકી ઇન્ક્યુબેશન, તેના પ્રચાર અને પ્રસાર માટેની સાતત્યપૂર્ણ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવું.
- કાયદાકીય શિક્ષણની વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવું. સાથે સાથે આ ક્ષેત્ર સાથે સંકળાયેલ પ્રથાઓ, વિકસતી નવી તકનીકીઓને અપનાવવી
- વિવિધ શિક્ષણના અભ્યાસક્રમમાં સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભોની સાથે સાથે સાક્ષ્ય આધારિત પદ્ધતિથી કાયદાકીય વિચાર પ્રક્રિયાના ઇતિહાસ, ન્યાય સિદ્ધાંતોનો અભ્યાસ અને અન્ય સંબંધિત વિષયોને માટે યોગ્ય અને પૂરતું પ્રતિનિધિત્વ થાય.
- આરોગ્ય શિક્ષણ પ્રણાલીને સંકલિત બનાવવાની અને તેને ફરીથી પુનઃ કલ્પિત કરવાની આવશ્યકતા છે.
- તમામ પ્રકારના સ્વાસ્થ્ય શિક્ષણમાં અટકાવ, આરોગ્ય અંગેની સંભાળ અને સમાજ આરોગ્ય સંભાળ પર વધુ ભાર મુકવામાં આવે.
- તકનિકી શિક્ષણ પણ બહુવિદ્યાશાખાકીય અને કાર્યક્રમોમાં રજુ કરવામાં આવશે અને અન્ય વિદ્યાશાખાઓ સાથે ઊંડાણથી જોડાવાની તક પર તેમજ નવી તક પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરાશે.
- સામાન્ય શિક્ષણના વિદ્યાર્થીઓ માટે વ્યાવસાયિક શિક્ષણ પ્રવાહમાં સીધા આગળ વધવાના રસ્તાઓને સંપૂર્ણપણે બંધ કરી દે છે તેને સ્થાને તેઓને આગળ વધવાના અવસરો પ્રાપ્ત કરાવવામાં આવશે.
- ભવિષ્યમાં વિદ્યાર્થીઓને વ્યાવસાયિક શિક્ષણ કેવી રીતે આપવામાં આવશે તેની સંપૂર્ણ પરિકલ્પનાની જરૂર છે.
- આ નીતિ અંતર્ગત વ્યાવસાયિક શિક્ષણમાં વિદ્યાર્થી ઓછામાં ઓછો એક વ્યવસાય શીખે છે અને વધુમાં વધુ વ્યવસાયોના સંપર્કમાં આવે જે શ્રમના ગૌરવને વધારી અને ભારતીય કલા અને કારીગરીના વિવિધ વ્યવસાયોના મહત્વને ભાર આપવામાં આવશે.
- વ્યાવસાયિક ક્ષમતાનો વિકાસ 'શૈક્ષણિક' અથવા અન્ય ક્ષમતાઓના વિકાસની સાથોસાથ કરવા પર ભાર મુકવામાં આવશે.
- ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને વ્યવહાર કૌશલ્યો (Soft skill) સહિત વિવિધ કૌશલ્ય માટેના ટૂંકાગાળાના પ્રમાણપત્ર અભ્યાસક્રમો પણ ચલાવવાની મંજૂરી આપવામાં આવશે.
- વિદ્યાર્થીઓને માટે લોકવિદ્યા એટલે કે ભારતમાં વિકસિત મહત્વપૂર્ણ વ્યાવસાયિક જ્ઞાન જેવા વ્યાવસાયિક શિક્ષણ અભ્યાસક્રમો એકીકરણ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- વ્યાવસાયિક શિક્ષણના એકીકરણ માટે MHRD એક રાષ્ટ્રીય સમિતિ NCIVE ની રચના કરવામાં આવશે.

**ઉપસંહાર:**

દરેક દેશે પોતાની શિક્ષણ પદ્ધતિને પોતાના રાષ્ટ્રીય મૂલ્યોની સાથે જોડીને તેમાં બદલાવ કરીને દેશના લક્ષ્યની દિશામાં આગળ વધે છે. ધ્યેય એ હોય છે કે દેશની શિક્ષણ પદ્ધતિ પોતાની વર્તમાન અને આવનારી પેઢીઓનું ભવિષ્ય તૈયાર કરે. ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિના પાયામાં પણ આ જ વિચારો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 એ 21મી સદીના ભારતનો, નવા ભારતનો પાયો નાખનાર છે. ભારતના યુવાનો, આપણા યુવાનોને કેવા શિક્ષણની જરૂર છે અને તેની સાથે કેવા કૌશલ્ય જોઇએ તે વિષય પર ધ્યાન આપવામાં આવ્યું છે. શિક્ષણના દરેક સ્તરે વ્યાવસાયિક શિક્ષણને સામાન્ય શિક્ષણથી જોડીને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશની પ્રારંભિક અવસ્થાથી જ તેને પ્રાધાન્ય આપવાની આવશ્યકતા છે. વ્યાવસાયિક શિક્ષણને પ્રોત્સાહન મળે અને વધુમાં વધુ લોકો તે તરફ વળી કોઇ એક ચોક્કસ કૌશલ્યમાં પોતાની ક્ષમતાઓને વિકસાવી પોતાનો વિકાસ કરે તેવી આવશ્યકતા છે. આ રીતે રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP)2020 એ વ્યાવસાયિક શિક્ષણને પ્રોત્સાહન આપી વ્યાવસાયિક શિક્ષણને અસરકારક બનાવનાર પુરવાર થશે.

**સંદર્ભસૂચિ :**


1. રાષ્ટ્રીય શિક્ષણનીતિ (2020), માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર, ન્યુ દિલ્લી
2. Dr. Keshab Chandra Mandal (2020), National Education Policy 2020: The Key to Development in India, Delhi
3. Dr. Mehrota Dheeraj (2021), NEP-2020, At a glance for Educators
4. Kumar Rusen (2020), India's National Education Policy 2020:An Ovrview, 2020